# બરાક ઓબામાનો ઐતિહાસિક વિજય

ન્યુયોર્ક, તા.૭

બરાક ઓબામાએ ફરી એકવાર ઈતિહાસ સર્જીને વ્હાઈટ હાઉસ પર કબજો જાળવી રાખવામાં સફળતા મેળવી લીધી છે. વિશ્વના સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ તરીકે ઓબામાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવતા તેમના સમર્થકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ. ઓબામાએ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ૨૭૦ ઈલેક્ટોરલ વોટનો જાદુઈ આંકડો ઝડપથી પાર કરી લીધો હતો. ઓબામાએ ૩૦૩ ઈલેક્ટોરલ વોટ મેળવ્યા હતા જ્યારે રિપબ્લિકન ઉમેદવાર રોમનીએ ૨૦૬ ઈલેક્ટોરલ મત મેળવ્યા હતા. ઓહાયો રાજ્યમાં ઓબામાની જીતની જાહેરાત થતાની સાથે જ તેમની બીજી વખત પ્રમુખ તરીકેની ચૂંટણી નિશ્ચિત થઈ ગઈ હતી. ઓબામાએ તરત જ ટ્વિટર પર લોકોનો આભાર માન્યો હતો. ત્યારબાદ શિકાગોમાં વિક્ટ્રી રેલીમાં રોમનીની પ્રશંસા પણ કરી હતી. વોટ ટકાવારીની વાત કરવામાં ઓ તો બંનેની લોકપ્રિયતા એક સમાન રહી હતી. બંનેને ૪૯-૪૯ ટકા વોટ મળ્યા હતા. એટલે કે મીટ રોમની વધારે પાછળ રહ્યા ન હતા પરંતુ ઈલેક્ટોરલ વોટના મામલામાં ઓબામાએ બાજી મારી લીધી હતી. ઓબામાને ગયા વખતની સરખામણીમાં આશરે ચાર ટકા ઓછા વોટ મળ્યા છે. ગઈ વખતે ૫૨.૯ ટકા મત મળ્યા છે. આ વખતે ૪૯ ટકા મત મળ્યા છે. બીજા વિશ્વયુદ્ધ બાદ પ્રથમ વખત કોઈ ડેમોક્રેટ ઉમેદવારે બીજી વખત પ્રમુખ પદ જાળવી રાખવામાં સફળતા મેળવી છે. પેન્સિલવેનિયા, વિસકોન્સીન, મિશિગન જેવા રાજ્ય ઓબામાએ પહેલાથી જ જીતી લીધા હતા. બીજીબાજુ મીટ રોમનીની છાવણીમાં ઓબામાની જીતની સાથે જ સન્નાટો બોલાઈ ગયો હતો. ઓબામાના ચૂંટણી મેનેજર મુજબ આફ્રિકી-અમેરિકી, લેટીન અમેરિકી અને યુવા વોટરોએ ઓબામાની તરફેણમાં મતદાન કર્યુ હતુ. ઓબામાને કેલિફોર્નિયાના પરિણામોએ સૌથી વધારે લીડ અપાવી હતી. અહીં સૌથી વધારે ૫૫ મત છે. અમેરિકામાં કુલ ૫૩૮ મત છે અને પ્રમુખ બનવા માટે ૨૭૦ મતની જરૂર હોય છે.

ઓબામાએ ટ્વીટર સાઈટ ઉપર જીત માટેનો દાવો પણ કરી લીધો હતો. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં ઓબામાનો બીજી વખત વિજય થયો છે. તેઓ બીજી વખત હવે પ્રમુખ બનશે. અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં જીતવા માટે જરૂરી ઈલેકટોરલ કોલેજના ૨૭૦નો જાદુઈ આંકડો ઓબામાએ પાર કરી લીધો હતો. બરાક ઓબામાએ ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવી દઈને મીટ રોમનીના દાવાને ફગાવી દીધા છે. મીટ રોમનીએ પ્રચાર દરમિયાન બેરોજગારીનો મુદ્દો જોરશોરથી ચગાવ્યો હતો. ઓબામા બીજા વિશ્વયુદ્ધ બાદથી બીજી વખત ચાર વર્ષ માટે વ્હાઈટ હાઉસ ઉપર શાસન કરનાર બીજા ડેમોક્રેટ બની ગયા છે. ઓબામાએ



ટ્વીટર ઉપર તેમના ૩૨ મિલિયન ફોલોઅર્સ સમક્ષ આભાર માનતા કહ્યું છે કે આપના કારણે જ આ બાબત શક્ય બની છે. પ્રથમ આફ્રિકન અમેરિકન પ્રમુખ સત્તા ઉપર યથાવત્ રહ્યા છે. મોટાભાગના રાજ્યોમાંથી પરિણામો આવી ગયા છે. ડેમોક્રેટ ઉમેદવાર બરાક ઓબામાએ શાનદાર જીત મેળવી છે. જો કે બંને વચ્ચે સ્પર્ધા ખૂબ જ નજીકની માનવામાં આવી રહી હતી. જે પ્રાંતમાં કોઈપણ ઉમેદવારને વધારે મત મળે છે તે સમગ્ર પ્રાંતના ઈલેકટોરલ મત એ જ ઉમેદવારના ખાતામાં જતા રહે છે. અલબત્ત કેટલાક સ્વીંગ રાજ્યોમાં ગળાકાપ સ્પર્ધા જોવા મળી હતી. ઓબામાની જીત અર્થવ્યવસ્થાને લઈને અસંતુષ્ટ લોકો અને રિપબ્લિકન ઉમેદવાર મીટ રોમનીના પ્રચાર માટે એકત્રિત કરવામાં આવેલા જંગી નાણાં વચ્ચે થઈ છે. લાખોની સંખ્યામાં અમેરિકી મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ઓબામાની જીત સાથે જ કેટલાક મુદ્દા મહત્વપૂર્ણ થઈ ગયા છે. બરાક ઓબામાએ ટ્વીટર ઉપર લોકોનો આભાર પણ માન્યો છે અને કહ્યું છે કે તેમની જીત માટે સામાન્ય લોકો જવાબદાર છે. અબજોપતિ મૂડીરોકાણકાર જ્યોર્જ સોરોસે કહ્યું છે કે ઓબામાની જીતથી વધુ સેન્સીબલ રાજકારણ માટેના દ્વાર ખુલી ગયા છે. રિપબ્લિકનોએ ત્રણ યુએસ સેનેટ સીટો પણ ગુમાવી દીધી છે. ઓબામાએ નેવાડામાં શાનદાર જીત મેળવી છે.

## ઓબામાની જીતની સાથે જ અમેરિકામાં ભવ્ય ઉજવણી

બરાક ઓબામાની જીતની સાથે જ સમગ્ર અમેરિકામાં ઉજવણીનો દોર શરૂ થઈ ગયો હતો. ઓબામાના



સમર્થકો ખુલ્લામાં ઉજવણી કરવા માટે મેદાનમાં આવી ગયા હતા અને શાનદાર આતશબાજીનો નજારો જોવા મળ્યો હતો. ઓબામાની શિકાગોમાં વિક્ટ્રી રેલી દરમિયાન પણ ભવ્ય આતશબાજી જોવા મળી હતી. ઓબામાની જીતની જાહેરાત થતા અમેરિકાના લોકો ઉજવણીમાં ડૂબી ગયા હતા. આ ઉજવણી હવે ઘણા દિવસ સુધી ચાલે તેવી શક્યતા છે. હજુ સુધી એમ માનવામાં આવી રહ્યુ હતુ કે બંને વચ્ચે ગળાકાપ સ્પર્ધા થશે પરંતુ ઈલેક્ટોરલ વોટના મામલામાં ઓબામા રોમની કરતા ખૂબ આગળ નીકળી ગયા છે.

# ઓબામાને જીત બદલ સિંહે દેશ તરફથી શુભેચ્છા આપી

નવી દિલ્હી,તા. ૭

ભારતે અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ બરાક ઓબામાને અભિનંદન આપ્યા છે. બીજી વખત ચૂંટણી વખત ઓબામાને અભિનંદન આપતા ભારતે આશા વ્યક્ત કરી છે કે આવનાર વર્ષો દરમિયાન બંને દેશો વચ્ચે સંબંધો ખૂબ મજબૂત બનશે. વિદેશમંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ભારત સરકાર અને અહીંના લોકો પ્રમુખ બરાક ઓબામાની બીજી વખત જીત પર તેમને અભિનંદન આપે છે. અમેરિકાના લોકોએ તેમના દેશની લોકશાહીની મહાન પરંપરામાં વિશ્વાસને ધ્યાનમાં લઈને બીજી વખત ઓબામાને તક આપી છે. મનમોહનસિંહે કહ્યુ છે કે તેમની સાથે કામને આગળ વધારવા માટે ભારત ખૂબજ ઉત્સુક છે. બંને દેશો વચ્ચે વેપાર સહિતના દરેક ક્ષેત્રોમાં




સંબંધ હંમેશા મજબૂત રહ્યા છે. મંત્રાલયનું કહેવું છે કે આવનાર સમયમાં બંને દેશો વચ્ચે સંબંધ વધુ મજબૂત થશે. દરમિયાન કેન્દ્રિય નાણાં મંત્રી પી. ચિદમ્બરમે બરાક ઓબામાની જીત બદલ ખુશી વ્યક્ત કરતા કહ્યુ છે કે બંને દેશો વચ્ચેના આર્થિક સંબધો વધુ મજબૂત બનશે. ઓબામાને ચિદમ્બરે પણ અભિનંદન આપ્યા છે. રિપબ્લિકન પાર્ટીના ઉમેદવારને ઓબામાએ હાર આપી છે. માત્ર ભારતીય નેતાઓએ જ નહીં બલકે ભારતીય કંપનીઓએ પણ ઓબામાની જીતનું સ્વાગત કર્યુ છે. વ્હાઈટ હાઉસમાં સત્તા જાળવી રાખનાર પ્રથમ અશ્વેત અમેરિકન ૫૧ વર્ષીય ઓબામાને ચારેબાજુથી અભિનંદન મળી રહ્યા છે. જો કે આઉટસોર્સીંગનો મામલો આવનાર દિવસોમાં પણ ચર્ચા જગાવશે કારણ કે ઓબામા આઉટસોર્સીંગનો હંમેશા વિરોધ કરતા આવ્યા છે. ભારતીય કંપનીઓ આને લઈને આશાવાદી છે.

# મીટ રોમનીએ આખરે તેમની હાર સ્વીકારી

વોશિંગ્ટન,તા. ૭

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં બરાક ઓબામાએ જીત મેળવી લીધી છે. બીજી બાજુ રિપબ્લીકન ઉમેદવાર મીટ રોમનીએ હાર પણ કબૂલી લીધી છે. અમેરિકી મીડિયામાં ઓહાયો રાજ્યના ઈલેક્ટોરલ વોટ ઓબામાની તરફેણમાં ગયા છે તેવી જાહેરાત કરવામાં આવ્યા બાદ તરત જ ઓબામાએ ૨૭૦નો આંકડો પાર કરી લીધો હતો.



રિપબ્લીકન મીટ રોમનીએ બોસ્ટનમાં પાર્ટીની સભાને સંબોધતા કહ્યું હતું કે તેઓ ઓબામાને શુભેચ્છા આપે છે અને પોતાની હાર નિખાલસ પણે કબૂલે છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ઓબામા અમેરિકાને યોગ્ય દિશામાં આગળ વધારશે અને વધુ શક્તિશાળી દેશ બનાવવામાં ભૂમિકા ભજવશે. રોમનીએ એમ પણ કહ્યું હતું કે દેશ ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. બંને પાર્ટીઓને મતભેદ ભૂલી જઈને સાથે મળીને કામ કરવાની જરૂર છે. શિક્ષકો, અમારા બાળકોના માતા-પિતા, રોજગાર ઉપલબ્ધ કરાવનાર, રિપબ્લિકન અને ડેમોક્રેટીક પાર્ટીના સાંસદો, સરકારી અધિકારીઓને રાજકીય મતભેદોને ભૂલી જઈને દેશના હિટ માટે કામ કરવાની જરૂર છે. રોમનીએ કહ્યું હતું કે તેઓ ઈચ્છતા હતા કે તેઓ અમેરિકાને નવી દિશા આપવામાં આવે પરંતુ લોકોએ બીજા નેતાની પસંદગી કરી છે. હું ઓબામાને અભિનંદન આપું છું. રોમનીએ હાર સ્વીકારતી વેળા એમ પણ કહ્યું હતું કે તેઓ ઓબામાને તમામ પ્રકારના મામલાઓમાં સંપૂર્ણપણે સહકાર આપશે.

# ભારતીય તુલસી ગેબ્બાર્ડ અમેરિકી કોંગીમાં ચૂંટાયા

વોશિંગ્ટન, તા. ૭

બરાક ઓબામા અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી ચુક્યા છે. ઓબામાએ પ્રમુખની ચૂંટણીમાં રિપબ્લિકન હરિફ રોમનીનો હાર આપી હતી. બીજીબાજુ ભારતીય મૂળના તુલસી ગેબ્બાર્ડે પણ ઈતિહાસ સર્જ્યો હતો.

અમેરિકાના સંસદની ચૂંટણીમાં જીત મેળવી તુલસી ગેબ્બાર્ડ એ આજે ઈતિહાસ સર્જાયો હતો. એકતરફી મુકાબલામાં રીપબ્લીકન પક્ષના હરિફને હવાઈ બેઠક પરથી હાર આપીને અમેરિકાના હાઉસ ઓફ રીપ્રેઝનેટીવમાં ચૂંટાઈ આવનાર તુલસી ગેબ્બાર્ડ પ્રથમ હિંદુ અમેરિકી છે. ઈરાક યુદ્ધના પીઢ ૩૧ વર્ષીય ગેબ્બાર્ડ એ રીપબ્લીકન પક્ષના કે ક્રાઉલીને જંગી સરસાઈથી હાર આપી હતી. તેમની જીતથી અમેરિકાના હિંદુ-અમેરિકી સમુદાયમાં જશ્નનો માહોલ



ઉભો થઈ ગયો છે. અમેરિકા હાઉસના હવાઈના બીજા કોંગ્રેસી જિલ્લા પરથી પ્રથમ રાઉન્ડમાં જ તુલસી ગેબ્બાર્ડ ૧,૨૦,૦૦૦ મતની સરસાઈ ક્રાઉલી પર મેળવી લીધી છે. કોંગ્રેસમાં ફરજ બજાવનાર તેઓ પ્રથમ મહિલા બનશે. પ્રથમ રાઉન્ડમાં જ સરસાઈ મેળવ્યા પછી તુલસીએ એક નિવેદનમાં કહ્યું હતું કે, હવાઈમાં હિંદુ મતદારોની સંખ્યા મોટા પ્રમાણમાં નથી. તેમની વિરુદ્ધ ક્યારેય જાતીય શોષણ થયું નથી. મેં દરેકની જેમ તેમને પણ સરખું જ મહત્વ આપ્યું છે. મેનલેન્ડની મારી અંતિમ મુલાકાત દરમ્યાન એક વ્યક્તિએ કહ્યું હતું કે, મારી છોકરી અહીંયા માનસિક ત્રાસ અનુભવી રહી છે. મારી સાથે લાંબી મુલાકાત કર્યા પછી તેઓ આ લાગણી ભૂલી ગયા હતા. આજની જીતથી ઘણી આનંદીત થઈ છે. કારણ કે મારા પ્રત્યે હજારો યુવાન હિંદુઓની લાગણી જોડાયેલી છે. જેઓ ધર્મના નામે હવે જાતીય સતામણીનો ડર રાખ્યા વિના ધંધા રોજગાર ચલાવી શકશે.

# એરસેલ-મેક્સીસના મામલે તપાસ પૂર્ણ થઈ : સીબીઆઇ

નવી દિલ્હી, તા. ૭

ચકચાર મચાવનાર એરસેલના મેક્સીસ ડીલની તપાસ કરી રહેલી સીબીઆઈએ આજે સુપ્રીમકોર્ટમાં પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો. સીબીઆઈએ અહેવાલ રજૂ કરવાની સાથે સુપ્રીમકોર્ટને જાણ કરી હતી કે ઘરઆંગણાની તપાસ હવે પૂર્ણ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ કેસમાં મલેશિયાના એક શક્તિશાળી વ્યક્તિની સીબીઆઈ તપાસ કરી રહ્યું છે. જો કે તેણે એ પણ દાવો કર્યો હતો કે મલેશિયા અને મોરેશિયસમાં તપાસ પૂર્ણ કરી લીધી છે. પ્રગતિ અહેવાલ પછી સુપ્રીમકોર્ટે કહ્યું હતુ કે, પ્રથમ દર્શનીય તપાસમાં ગુનો પુરવાર થઈ રહ્યો છે. પૂર્વ ટેલીકોમ મંત્રી દયાનિધી મારનની પણ કેસમાં પૂછપરછ થઈ રહી છે. તેના પૂર્વ સચિવ નીપેન્દ્ર મિશ્રાએ કહ્યું હતું કે, પોતાના ભાઈ કલાનિધિ મારનની કંપનીને ફાયદો કરાવવા દયાનીધિ મારને એરસેલને નિશાનો બનાવી હતી. એરસેલ મેક્સીસ સોદામાં મિશ્રા ચાવીરૂપ સાક્ષી છે. સીબીઆઈના સૂત્રોના જણાવ્યા મુજબ તત્કાલીન ટેલીકોમ મંત્રી દયાનિધિ મારનના ભાઈ કલાનિધિ મારનના માલિકીપણાવાળી સનટીવી જૂથને આ ડીલમાં દયાનિધિની ચાલને લીધે ૭૫૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો હતો. એરસેલના સંસ્થાપક શિવાશંકરને પણ સીબીઆઈ સમક્ષ આપેલી જુબાનીમાં કહ્યું હતું કે, મારને એરસેલમાંનો મારો હિસ્સો કલાનિધી મારનને ફાયદો કરાવવા વેચાવ્યો હતો. દયાનિધિ મારને વારંવાર તેમની કંપનીને ટેલીકોમ લાયસન્સ આપવાની અરજી ફગાવી હોવાનો પણ આક્ષેપ એરસેલના સંસ્થાપક શિવાશંકરને કર્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે ટુજી કૌભાંડ દરમ્યાન આ કેસ બહાર આવ્યો હતો.

# સુબ્રમણ્યમ ચૂંટણી પંચના ચુકાદાને કોર્ટમાં પડકારશે

નવી દિલ્હી, તા. ૭

કોંગ્રેસની માન્યતા રદ કરવાના મામલે જનતા પાર્ટીના પ્રમુખ સુબ્રમણ્યમ સ્વામી અને ચૂંટણી પંચ હવે આમને સામને આવી ગયા છે. જનતા પાર્ટીના સુબ્રમણ્યમ સ્વામી કેન્દ્રીય ચૂંટણી પંચના ચુકાદાને કોર્ટમાં પડકારશે. કોંગ્રેસની માન્યતા રદ કરવાની



અરજી ફગાવતા ચૂંટણી તેમના ચુકાદાને પડકારવાનો નિર્ણય સ્વામીએ કર્યો છે.

સ્વામીએ ચૂંટણી પંચને લખેલા પત્રમાં કહ્યું છે કે તમે મારી અરજી પર કોઈપણ પ્રકારની તપાસ કરવાથી દૂર રહેવાનો નિર્ણય કરી લીધો હતો. મારી અરજી પર તમે અપનાવેલ દ્રષ્ટિકોણ પહેલાંથી જ અખબારોમાં લીક કરી દીધો હતો. સ્વામીએ કહ્યું હતું કે, વાસ્તવિકતા તો એ છે કે ચૂંટણી પંચે લોકોની વચ્ચે પોતાની વિશ્વસનીયતા ગુમાવી છે. હવે મારે કોર્ટમાં જ જઈને આ મુદ્દાનો નિકાલ લાવવો પડશે. ગઈકાલે કોંગ્રેસની માન્યતા રદ કરવાની માંગણી ચૂંટણી પંચે નકારી કાઢી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ અરજીમાં રજૂઆત કરી હતી કે, કોંગ્રેસે નેશનલ હેરાલ્ડને ૯૦ કરોડ રૂપિયાની લોન આપી હતી. તેથી તેની માન્યતા રદ થવી જોઈએ.

ચૂંટણીપંચે સ્વામીની અરજી ફગાવતા કહ્યું હતું કે, આચાર સંહિતાનું ઉલ્લંઘન કરાયું હોય તો તે કાર્યવાહી કરી શકે. અહીંયા કોંગ્રેસ દ્વારા આચારસંહિતાનો ભંગ કેવી રીતે થયો તે પુરવાર કરવામાં તમે નિષ્ફળ રહ્યા છો. અખબારી અહેવાલના આધારે પંચ કોઈ નિર્ણય લઈ શકે નહીં. અરજી ફગાવ્યા પછી પંચને લખેલા પત્રમાં સ્વામીએ કહ્યું હતું કે, તમારે સુનાવણી તો હાથ ધરવી હતી. પરંતુ તમે આ પણ કર્યું ન હોવાથી મારે કોર્ટના દ્વાર ખટખટાવવા પડશે.

## પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

ત્યારબાદ તેણે બાળકોને સમજાવ્યાં કે જેવું તેઓ ‘રન’ બોલે ત્યારે બાળકોએ ઝાડ તરફ દોડવાનું શરૂ કરવું અને જે બાળક ત્યાં સૌથી પહેલાં પહોંચશે બધી જ ચોલેટ્સ તેની.

બધાં બાળકો એક લાઇનમાં ઊભાં રહી ગયાં અને વિજ્ઞાનીના સંકેતની રાહ જોવા લાગ્યાં. જેવું તેણે ‘રન’ કહ્યું, દરેક બાળકે એકબીજાના હાથ પકડી લીધાં અને સૌ સાથે તે ઝાડ તરફ દોડવા લાગ્યા. તે બધાં એક સાથે તે ઝાડ સુધી પહોંચ્યાં અને ત્યાં મુકેલી ચોકલેટ્સ વહેંચી લીધા. આ જોઇ વિજ્ઞાની તેમની પાસે ગયો અને તેમને પૂછ્યું કે બધાં સાથે કેમ દોડ્યાં? જો કોઇ એક જણ ત્યાં વહેલું પહોંચી ગયું હોત તો બધી જ ચોકલેટ્સ મેળવી શક્યું હોત.

ત્યારે બાળકોની પ્રતિક્રિયા હતી. “ઉબુંટુ” તેમનામાંથી એક બાળક બોલ્યો, “જો બાકીનાં દુઃખી હોય તો અમારામાંથી કોઇ એક કેવી રીતે ખુશ થઇ શકે? ‘ઉબુટું’ આફ્રિકન જન જાતિઓની એક ફિલસૂફી છે. જેનો મતલબ છે - હું જે કંઇ છું તે અમે બધાં છીએ.” ઉબુટું એ વાતને સ્પષ્ટ કરે છે કે તમે માણસ તરીકે માત્ર તમારી જાત સુધી સિમિત ન રહી શકો અને જ્યારે તમારી અંદર આ ખૂબી ‘ઉબુંટું’ હોય છે ત્યારે તમે તમારી ઉદારતા માટે ઓળખાવ છો.”

આપણે મોટા ભાગે એક બીજાથી અલગ રહીને માત્ર પોતાના માટે જ વિચારીએ છીએ. પણ હકીકત એ છે કે આપણે જે કરીએ છીએ તેનાથી આખી દુનિયા પ્રભાવિત કરીએ તો તેનો ફેલાવો ખૂબ ઝડપથી સમસ્ત વિશ્વમાં થાય છે.

તો, આપણે પણ સૌને સાથે લઇને ચાલીએ અને “સહનો ભુનક્તુ...” વાળો પેલો શ્લોક જેનું રોજ રટણ કરીએ છીએ તેને અમલમાં મુકીએ.

Happy Diwali -

સૌ કોઇની હજો એવી શુભકામના.

# દિવાળી પર્વના પ્રસંગે ૭૫ મિનિટનો મુર્હૂત કારોબાર

મુંબઈ, તા.૭

મુંબઈ શેરબજાર અને નેશનલ સ્ટોક એકસચેન્જમાં ૧૩મી નવેમ્બરના દિવસે એટલે કે દિવાળીના દિવસે ૭૫ મિનિટ સુધી મુર્હૂત કારોબારનું આયોજન કરવામાં આવ્યું છે. નાણાં અને સમૃદ્ધિ માટેની દેવી ગણાતી લક્ષ્મીમાતાના સન્માનમાં વિશેષ કારોબારી સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત એ દિવસે હિન્દુ કેલેન્ડરની દૃષ્ટીએ નવા વર્ષ અથવા તો સંવત ૨૦૬૯ની શરૂઆત થશે. મુર્હૂત કારોબારની પરંપરા ૧૦૦ વર્ષથી પણ પહેલાથી ચાલી રહી છે. શેરબજારના જણાવ્યા મુજબ સાંજે ૩.૪૫થી ૫.૦૦ વાગ્યા વચ્ચે વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ અગાઉ બજારમાં કારોબાર ૪૫ મિનિટ સુધી ચલાવવાની વાત કરવામાં આવી હતી પરંતુ આમા ફેરફાર કરવામાં આવ્યો છે. હવે મુર્હૂત કારોબાર ૭૫ મિનિટ સુધી ચાલશે.

## પાકિસ્તાન દ્વારા નોટિસની અવગણના

# ડૉન દાઉદ સંદર્ભે ઈન્ટરપોલની નોટિસની પણ અવગણના થઈ

### ઈન્ટરપોલની નોટિસ પેન્ડિંગ હોવા છતાં પાકિસ્તાન દ્વારા ડૉન મામલે પગલાં લેવાઈ રહ્યા નથી : ભારતની રજૂઆત

નવી દિલ્હી,તા. ૭

વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં થયેલા સિરીયલ બોમ્બ બ્લાસ્ટના મામલામાં માસ્ટર માઈન્ડ અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમને શરણ આપવા બદલ પાકિસ્તાનની ભારતે જોરદાર ઝાટકણી કાઢી છે. દાઉદના મામલે ઈન્ટરપોલની નોટિસની પણ પાકિસ્તાન દ્વારા સતત અવગણના કરવામાં આવી છે. ઈન્ટરપોલ જનરલ એસેમ્બીના મચ ઉપર ભારતે પાકિસ્તાન સામે આક્ષેપો કરવાની તક ઝડપી લીધી હતી. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વૈશ્વિક આતંકવાદી તરીકે દાઉદને જારી કરી દેવામાં આવ્યો છે. તોની સામે ઈન્ટરપોલની રેડ કોર્નર નોટિસ પણ જારી કરવામાં આવી છે. ઉપરાંત નક્કર પુરાવા પણ છે છતાં પાકિસ્તાન આ આતંકવાદીને શરણ આપી રહ્યું છે. ભારતે આક્ષેપ કર્યો હતો કે આતંકવાદીઓને સુરક્ષિત રહેવાની જગ્યા આપનાર, તેમને ટેકો આપનાર તથા તેમને સ્પોન્સર કરનાર દેશો સામે આકરા પગલાં લેવા જોઈએ. અલબત્ત ભારતે આ વખતે કોઈના નામનો ઉલ્લેખ કર્યો નથી.

ઈન્ટરપોલ નોટિસની બિનઅસરકારકતા સામે પણ આ નિવેદનથી પ્રશ્નો થાય છે. એસેમ્બીમાં સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી સુશીલ કુમાર સિંધેએ કહ્યું હતું કે અમે નિયમિત રીતે પુરાવા આપી રહ્યા છે છતાં ૧૯૯૩ મુંબઈ બ્લાસ્ટનો આરોપી પાકિસ્તાનમાં છુપાયેલો છે. ૧૯૯૩માં બ્લાસ્ટમાં ૨૫૭ લોકોના મોત થયા હતા અને ૭૧૩ લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાની સમકક્ષ રહેમાન મલિક પણ આ વેળા ઉપસ્થિત હતા. ઈન્ટરપોલની રેડકોર્ની નોટિસ પણ બિન અસરકારક દેખાઈ રહી છે. ૨૬/૧૧ મુંબઈના આતંકવાદી હુમલામાં માસ્ટર માઈન્ડ હફીઝ સઈદ અને અન્ય કેટલાક પાકિસ્તાની આતંકવાદીઓ સહિત ઘણા આતંકવાદીઓ સામે રેડ કોર્નર નોટિસ પેન્ડિંગ પડેલી છે. આ આતંકવાદીઓ પાકિસ્તાન, બાંગ્લાદેશ, સાઉદી અરેબિયા અને અન્ય દેશોમાં છૂપાયેલા છે. એકંદરે ભારત ૬૭૦ ઈન્ટરપોલની નોટિસ પેન્ડિંગ ધરાવે છે.

## નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

આથી ઝાડામાં ઉપાય તરીકે ઉપયોગ કરી શકાય. વળી, વધુ પ્રમાણમાં બોર ખાવાથી કબજીયાત પણ થાય. ચણીયા બોર, કૃમિ કરનારા છે. આથી નાના બાળકોને વધુ માત્રામાં ન આપવાં. (જો કે બોર માટે હજુ આપણે થોડી રાહ જોવી પડશે. હાલ તો સંતરા, મોસંબી, જામફળ, સીતાફળની જ હાજરી માર્કેટમાં છે.)

શિયાળાનું બીજું સમૃધ્ધ ફળ એટલે જામફળ. ગુજરાતમાં ભાવનગર અને ભારતમાં પ્રયાગના જામફળ ખુબ પ્રખ્યાત છે. જામફળમાં લીંબુ કરતા ચાર ગણું વિટામીન-સી હોય છે. (ફળો જેટલા વધુ ખાટ્ટા તેટલું વધુ વિટામીન સી - આ માન્યતા છે.) વળી, જામફળ અને સફરજનની તુલના કરીએ તો જામફળ દરેક અંશે ચડીયાતું છે. જામફળમાં કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન, કેલ્શિયમ, ફોસ્ફરસ, વિટામીન ડિ૧, બી૨, સી તથા નિકોટિનીક એસિડ હોય છે. શરીર માટે જામફળ બધી જ રીતે પોષક છે પરંતુ વધુ માત્રામાં ખાવાથી શરદી - તાવના પુરા ચાન્સ છે. પેટ તથા પાચનતંત્રના રોગોમાં જામફળ સારૂં છે. ભાંગનો નશો ઉતારવા માટે પણ જામફળ ખવડાવાય છે.

સંશોધનો પરથી જાણવા મળ્યું છે કે બોર, જામફળ, સીતાફળ, સંતરા આદિમાં રહેલી શર્કરાને કારણે વ્યક્તિની ભૂખ ઓછી થઇ જાય છે. તેના કારણે વ્યક્તિ ૧૦-૧૫ ટકા ઓછું ભોજન લે છે. આથી શક્ય હોય ત્યાં સુધી આવા ફ્લો ઓછી માત્રામાં જ ખાવા. તથા જમ્યા પછી જ ખાવા. જો કે ડાયેટીંગ કરનારાઓ માટે આ ફ્લો વરદાન રૂપ પણ થાય, પણ આ ફળોમાંની શર્કરાને પણ ધ્યાનમાં લેવી જરૂરી છે.

શિયાળામાં ફળો ખાવાની સાથે તેની અસરો - આડ અસરો જાણ્યા બાદ હવે આ ફળો ખાવાની ઓર મજા આવશે.

દિપોત્સવી તથા નવા વર્ષ (સંવત-૨૦૬૯) ના મંગળ પ્રભાતે આપણે વધુને વધુ સ્વસ્થ રહીએ, મસ્ત રહીએ તેમજ શરીર અને મનની નિરામયતા માટે અભ્યસ્ત રહીએ... “ગમતું મળે અને સઘળું ફળે” એવી શુભકામનાઓ સાથે એડવાન્સમાં...

**Happy Diwali and Healthy & Prosperous New Year...**